# પારદર્શી ધોરણે એનએની અરજી પ્રક્રિયા હાથ ધરાશે

## ગાંધીનગરમાં જિલ્લા કલેક્ટરોની પરિષદમાં મુખ્યમંત્રીએ મહત્વના સૂચનો કર્યા : ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમ સઘન બનશે

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જિલ્લા કલેક્ટરોને એનએ પ્રક્રિયામાં પારદર્શી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પ્રેરણા આપી છે. તેમણે મહિનામાં બે દિવસ ઓપન શેશન યોજીને આવી એનએ માટેની પ્રક્રિયા પારદર્શી ધોરણે ક્રમશઃ હાથ ધરવા આહવાન કર્યું હતું. ગાંધીનગરમાં જિલ્લા કલેક્ટરની એક દિવસીય પરિષદમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, સામાન્યમાં સામાન્ય માનવીને સરકારની કલ્યાણ યોજનાઓનો વ્યાપક લાભ સરળતાએ મળે તે જ આપણો ધ્યેય હોવો જોઈએ. આ સંદર્ભમાં તેમણે સરકારી પરિપત્રોના અર્થઘટન તથા તેના સુચારુ અમલ માટે જિલ્લા ટીમને પ્રશાશક તરીકે કલેક્ટરો યોગ્ય માર્ગદર્શન આપે તેવું આહવાન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, અરજદારને પોતાના કામ ની સ્થિતિ ઘરે બેઠા જ જાણી શકાય તે માટે ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમ દરેક જિલ્લામાં સઘન બનાવશે. મુખ્યમંત્રી નાગરિકોના લાંબાગાળાના પડતર પ્રશ્નો નિવારણ માટે જિલ્લાના અધિકારીઓની ૧૦ જેટલી ટીમ બનાવી અઠવાડિયામાં કોઈપણ બે ગામની મુલાકાત પ્રત્યક્ષ લઈ ગ્રામજનો-અગ્રણીઓ-પદાધિકારીઓ સાથે બેસી ચર્ચા વિચારણા કરીને નક્કર પરિણામકારી પગલા માટે સૂચન કર્યું હતું. વળી, હાલ પીવાના પાણી અને ઘાસચારાની અર્ધઅછતગ્રસ્ત, અસરગ્રસ્ત પરિસ્થિતિમાં જિલ્લામાં કોઈપણ સ્થળે લોકો તથા પશુઓને પીવાના પાણીની તકલીફ ન પડે તથા પશુઓ માટે ઘાસચારાની તકલીફ ન પડે તે માટે સુચારુ વ્યવસ્થા તાબડતોડ થાય તે માટે તેમણે જિલ્લા કલેક્ટરોને સૂચના આપી હતી. આનંદીબેને લોકસંવાદ સેતુનું માધ્યમ અદના નાગરિકની રજૂઆતનું સક્ષમ પ્લેટફોર્મ બન્યું છે તેનું ગૌરવ કરતા આવા લોકસંવાદ સેતુમાં જે પ્રશ્નો આવે તેનું નિવારણ અગ્રતાએ લાવવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરોને પોતાના જિલ્લાના અન્ય સહયોગી અધિકારીઓ સાથે બેઠકો સમયાંતરે યોજીને વિકાસકાર્યોની પ્રગતિ, જનસમસ્યાના નિરાકરણની સ્થિતિ ઝડપ અંગે સત ફોલોઅપ રાખવા તાકિદ કરી હતી. આવી બેઠકો રાજ્યસ્તરે પણ દર મહિને યોજવાની જાહેરાત કરતા મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, માસિક બેઠકોમાં માત્ર નવા સૂચનો કે નવી બાબતો જ નહિ, અગાઉની બેઠકમાં અપાયેલી સૂચનાઓ તથા પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા પ્રેઝન્ટેશન થાય તે પણ આવશ્યક છે. મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરાલય-સેવાસદનોમાં બચત યુક્ત વિજળી માટે ઉજાલા યોજના અન્વયે સંપૂર્ણતઃ એલઈડી બલ્બ-લાઈટના ઉપયોગનું પ્રેરક આહવાન કરતા એમ પણ જાહેર કર્યું હતું કે, મુખ્યમંત્રી કાર્યાલય સહિત સમગ્ર સચિવાલય અને મંત્રીઓના કચેરીઓમાં આવી એલઈડી લાઈટના ઉપયોગને પ્રોત્સાહિત કરવાની નેમ રાખી છે.




## ઢુવાના તલાટી ૪ હજારની લાંચ લેતા પકડાયા

પાલનપુર, તા. ૨૭

ડીસા તાલુકાના ઢુવા ગામના તલાટી કમ મંત્રી પેઢીનામુ બનાવવા મંત્રી પાસેથી રૂ. ચાર હજારની રકમની માંગણી કરી હોઈ ગુરૂવારે પાલનપુર લાંચ રૂશ્વત વિરોધી દળના છટકામાં આબાદ ઝડપાઈ ગયા હતા. જેને લઈ લાંચિયા અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે. આ અંગેની વિગત એવી છે કે, ડીસા તાલુકાના એક વ્યક્તિએ જમીનના કામ અર્થે પોતાના સસરાનું પેઢીનામુ બનાવવાની અને તેમાં તેમની પત્નીનું નામ દાખલ કરી જરૂરી કાગળો મેળવવાના હોઈ તેમણે ઢુવા ગામના તલાટી કમ મંત્રી મનજીભાઈ ભેમજીભાઈ ચૌધરીનો સંપર્ક કર્યો હતો.

તલાટીએ ઢુવા ગામની સરવે નં. ૧૭૭ પૈકી ૧નું કાગળો અને પેઢીનામુ બનાવવા અને એન્ટ્રી કરવા માટે રૂ. ૪૦૦૦ની રકમની માંગણી કરી હતી. જેથી અરજદારે તેમણે પાલનપુર એસીબી પીઆઈ એચ.એમ. કનસાગરાએ સંપર્ક કરતા છટકુ ગોઠવવાનું નક્કી કરી ગુરૂવારે સાંજે ડીસા મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં છટકુ ગોઠવ્યું હતું. પોલીસે બે સરકારી અધિકારીઓએ પંચ તરીકે રાખી ટ્રેપ ગોઠવતા તલાટી મનજીભાઈ ચૌધરી રૂ. ૪ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા હતા.

## રાજપુત સેવા સમાજ દ્વારા પોલીસ ભરતીઓમાં વિલંબ ટાળવા માંગ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષમાં આશરે ૬૬ હજાર જેટલી જગ્યાઓ માટેની ભરતી કરવાની છે. સરકારે જાહેર કર્યા પછી તેના પરીક્ષાના નિયમો બની ગયા છે. છતાં પણ પીએસઆઈની ભરતીમાં હિત ધરાવતા વ્યક્તિઓ દ્વારા ડી.જી.ઓફીસ કે ગૃહ વિભાગ દ્વારા બીનજરૂરી ખોટા મુદ્દાઓ ઉભા કરીને ભરતીમાં વિલંબ થાય તેવી પ્રવૃત્તિ થઈ રહી છે. ગુજરાતના બેરોજગાર યુવાનોમાં અસહ્ય ઉચાટ, ચિંતા, દ્વિધા, શંકાઓ ઉત્પન્ન થાય છે. જે નીવારવી જરૂરી બની છે. તેમ કચ્છ કાઠિયાવાડ રાજપુત સમાજના પ્રમુખ રમજુભાઈ જાડેજાએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે વિધાનસભામાં જાહેરાત કર્યા મુજબ ચાલુ વર્ષમાં આશરે ૬૬ હજાર જેટલી જગ્યાઓ માટેની ભરતી કરવાની છે. તે પહેલા ઓગષ્ટ-૨૦૧૫ના દિવસે મુખ્યમંત્રી દ્વારા પંચોતેરસો પોલીસ અને પી.એસ.આઈ.ની ભરતીની જાહેરાત કરાઈ હતી. ભરતી કેલેન્ડરમાં જાહેર કર્યા મુજબ છેલ્લા બે વર્ષથી ભરતીનું પ્રમાણ નહીવત છે. પરંતુ ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા પી.એસ.આઈ. ભરતી તો ૨૦૧૭ પહેલા નહિ થાય તેવું નિવેદન અપાયું છે. જે સરકારની જાહેરાત વિરૂદ્ધ છે. આ ઉપરાંત ખાનગી કોચીંગ કલાસની ઉઘાડી લૂંટથી ગુજરાતના યુવાનોને બચાવવા ચાલુ વર્ષે જ ૨૦૧૬માં જ જાહેરાત કર્યા મુજબની બધી જ ભરતીઓની કામગીરી થાય તે માટે પણ સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ રાજપુત સેવા સમાજ દ્વારા કરાઈ છે.

## ડીસા માર્કેટયાર્ડ દ્વારા રાહત દરે ચોપડા-નોટબુક વિતરણનો પ્રારંભ

ડીસા, તા. ૨૭

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતા ડીસા માર્કેટયાર્ડ દ્વારા કારમી મોંઘવારીમાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના શુભ આશય સાથે રાહત દરે ચોપડા-નોટબુક વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી ગુરૂવારથી મુખ્ય માર્કેટયાર્ડ ડીસા ખાતે ચોપડા વિતરણનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ સંચાલક મંડળ દ્વારા અકસ્માત વિમા યોજના, રાહત દરે હોસ્પિટલ સેવા, મેડીકલ સેવા, સીટી બસ સેવા, ઠંડી છાશ વિતરણ જેવી અનેકવિધ સેવાકીય યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ગત વર્ષની જેમ વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના આશયથી ચાલુ સાલે પણ રાહત દરે ચોપડા-નોટબુક વિતરણ કરવાનું આયોજન કરાયું છે. જેથી ગુરૂવારે મુખ્ય માર્કેટયાર્ડ ડીસા ખાતે ડીસા માર્કેટયાર્ડના ડીરેક્ટર મનીષભાઈ શાહ અને માધાભાઈ પટેલ, ડીસા માર્કેટયાર્ડ વેપારી એસોસીએશનના પ્રમુખ અરજણભાઈ પટેલ સહિત વેપારીઓ, ખેડૂતો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં રાહત દરે ચોપડા-નોટબુક વિતરણ કેન્દ્રને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.



ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણીએ ઘાટલોડિયામાં રોડશો અને ગૌરવ યાત્રા કાઢી હતી. જેમાં કાર્યકરો જોડાયા હતા.

## મોડાસાની બોમ્બે ચોપાટી આઈસક્રીમ પાર્લર પર ત્રણ અજાણ્ય શખ્સોએ તોડફોડ કરતા તંગદીલી

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના માલપુર રોડ પર એચ.ડી.એફ.સી. બેંકની બાજુમાં આવેલી બોમ્બે ચોપાટી આઈસક્રીમ પાર્લરમાં બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો આઈસક્રીમ પાર્લરના કર્મચારી સાથે સામાન્ય નજીવી બાબતે બોલાચાલી બાદ ઉશ્કેરાઈ આઈસક્રીમ પાર્લરના માલીકને મારમારી પાર્લરમાં તોડફોડ કરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ત્રણ અજાણ્યા શખ્સો ભીડનો લાભ લઈ બીક પર ફરાર થઈ જતા અજાણ્યા શખ્સોની દબંગાઈ સામે લોકોનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ નહોતી. આધારભૂત સૂત્રોના જણાવ્યાનુસાર મોડાસા શહેરના માલપુર રોડ પર પોશ વિસ્તારમાં આવેલા બાલાજી કોમ્પ્લેક્ષમાં આવેલી બોમ્બે ચોપાટી આઈસક્રીમ પાર્લર પર ગુરુવારે બપોરે ૩ વાગ્યાના સુમારે ત્રણ અજાણ્યા શખ્સોએ તોડફોડ કરતા લોકોના ટોળા ધસી આવ્યા હતા. ૩ વાગ્યાના સુમારે ત્રણ અજાણ્યા શખ્સો એક નાના બાળક સાથે બોમ્બે ચોપાટી આઈસક્રીમ પાર્લર પર આઈસક્રીમનો સ્વાદ માણવા આવ્યા હતા ત્યારે આઈસક્રીમ પાર્લરના કર્મચારીએ સાથે રહેલા બાળકને બોલ બેટા કઈ આઈસક્રીમ આપુ તેમ પૂછતાની સાથે જ ત્રણેય અજાણ્યા શખ્સો એકાએક ઉશ્કેરાઈ જઈ કર્મચારી અને પાર્લરના માલીક સાથે બોલાચાલી કરી મારા છોકરાને કેમ બેટા કહ્યું તેમ કહી મારામારી ઉપર ઉતરી પડ્યા હતા અને દુકાનના માલીકને ગડદાપાટુનો માર મારી આઈસક્રીમ પાર્લરમાં તોડફોડ મચાવી હતી અને પાર્લરમાં રહેલી ખુરશી-ટેબલોને રીતસર હવામાં ઉછાળ્યા હતા અને ડીપફ્રીજમાં તોડફોડ કરી કાઉન્ટર પર રહેલા કાચના રાચરચીલાને તોડફોડ મચાવતા આજુબાજુમાંથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.




**ચાચા નહેરુજીની પુણ્યતિથીએ કોંગ્રેસની શાંતિકૂચ** - ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુની આજે પુણ્યતિથી હતી. ચાચા નહેરુના નામથી બાળકોમાં પ્રિય એવા જવાહરલાલ નેહરુએ ભારતની આઝાદીની લડતમાં મહાત્મા ગાંધીજીના આદર્શો સાથે સક્રીય ભાગ લઈ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે ''ડિસ્કવરી ઓફ ઈન્ડિયા'' નામનું પુસ્તક લખી સમગ્ર વિશ્વને ભારતીય સંસ્કૃતિની ગહનતા અને વૈવિધ્યપણાનો પરિચય કરાવ્યો હતો. આઝાદી પછી પણ ભારતમાં કોંગ્રેસનું સાશન લાંબા સમય સુધી ચાલવા માટે તેમનું ચુંબકીય વ્યક્તિત્વ જવાબદાર બન્યું હતું. નેહરુજીએ આધુનિક ભારતના ઘડતરનો પાયો નાંખ્યો હતો. તેમની પુણ્યતિથીએ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે બપોરે ઘ-૫ સર્કલથી સે. ૨૨ કોંગ્રેસ કાર્યાલય સુધી શાંતિકૂચ પદયાત્રા યોજી હતી. આ શાંતિકૂચમાં કોંગ્રેસી અગ્રણીઓ સાથે કાર્યકરોએ 'જવાહર નહેરુ અમર રહો' તથા કોંગ્રેસ જિંદાબાદ જેવા સૂત્રો પોકારી નહેરુજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી નીશિતભાઈ વ્યાસ, પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, જસુભા રાણા, કામિનીબા રાઠોડ, જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર સહિત આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## વસુલી માટે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી મનુભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલી સમિતિની બેઠકમાં આ માટે સરકારની એજન્સીને જવાબદારી સોંપવાની વાતનો છેડ ઉડાવી અને એક મહિનામાં આ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સફાઈ કામદારો માટે અલાયદુ ટેન્ડર અને કલેરીકલ સ્ટાફ માટે અલાયદી એજન્સી થશે. આ માટે ઈ.ટેન્ડરીંગ કરવામાં આવશે. આજે સ્થાયી સમિતિની બેઠકમાં આઉટ સોર્સિંગ એજન્સીને લઈ કેટલીક ચર્ચાઓ પણ થઈ હોવાનું જાણવા મળેલ છે. સ્થાયી સમિતિની આજની બેઠક ૪૫ મિનિટ સુધી ચાલી હતી. જેમાં ધોબીઘાટ બનાવવા માટેનું ટેન્ડર મંજૂર કરવા ઉપરાંત સંપ બનાવવા માટેનું ટેન્ડર પણ જારી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## શપથવિધિ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેટર્જી, સુબ્રત મુખર્જી, શોભનદેવ ચટ્ટોપાધ્યાય, અબનિ જોરદાર, ફિરહાદ હકીમ, અરપ રોય, ગૌત્તમ દેવ, સોવન ચેટર્જી, જાવેદ ખાન, અબ્દુલ રઝાક, સુવેંદુ અધિકારી, જ્યોતિપ્રિયા મલિક, રવિન્દ્રનાથ ઘોષ પૂર્ણેંદુ બોસ, બ્રત્ય બસુ, શાંતિરામ મહંતો, આશિષ બેનર્જી, અરપ વિશ્વાસનો સમાવેશ થાય છે.

## પ્લોટોની ફાળવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યજવા માટે કરેલી ટકોરના પગલે આવો એકાએક નિર્ણય લેવાયો કે પછી આની પાછળ કોઈ બીજી વાતો છુપાયેલી છે તેની ચર્ચાએ આજે ઉદ્યોગભવન સંકુલને ઉત્તેજીત કરી દીધુ હતુ. મહિલા ઉદ્યોગકાર નાણાંનું રોકાણ કેવી રીતે કરશે તેની પણ કોઈ ચિંતા તંત્રના અધિકારીઓ કરી હોય તેવું જણાયુ નહિ. બીજુ પ્લોટની ફાળવણી માટે પારદર્શક પદ્ધતિ કેમ ના અપનાવાઈ તેવો પ્રશ્ન પણ ઉદ્યોગકારોના મુખે ચર્ચામાં હતો. જો આટલી બધી અરજીઓ મળી હતી તો પછી એકાએક ઉતાવળ કેમ કરાઈ એટલુ જ નહિ ઉદ્યોગકારોને તાત્કાલિક કબ્જો લેવા માટેનો આગ્રહ પણ કેમ કરાયો ?

આ આખીય યોજનામાં મુખ્યમંત્રીએ મહિલા સશક્તિકરણને ધ્યાને રાખી બજારભાવમાં રાહત મળે તેવો પ્રબંધ કર્યો હતો અને તેની વિશેષ ગ્રાંટ પણ ફાળવી છે. તો પછી આ એલોટમેન્ટની આટલી ઉતાવળ કેમ કરાઈ તેને લઈ અનેકવિધ તર્ક વિતર્ક ગાંધીનગરમાં થતા સાંભળવા મળ્યા હતા.

## ખરીદીનો માહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહિતની અવનવી આકર્ષક બેગ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

વેકેશન પૂર્ણ થવાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. બાળકો વેકેશનમાં રમીને તેમજ ફરીને પાછા ઘર તરફ વળી ગયા છે. શાળા-કોલેજમાં આગામી માસથી ખુલતા હોવાથી બાળકોને લગતી અભ્યાસને લગતી ચીજવસ્તુઓનું નગરના બજારમાં આગમન થઈ ગયું છે. અવનવી ફેન્સી આઈટમો બજારમાં વાલીઓ તેમજ વિદ્યાર્થીઓમાં આકર્ષણ જમાવે છે. અત્યાર સુધી બજારમાં પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનો ટ્રેન્ડ જોવા મળતો હતો. પરંતુ આ વર્ષે શાળાએ જતા બાળકો માટે લંચ બોકસ અને વોટર બેગની ખરીદીમાં વાલીઓ સ્ટીલની ચીજવસ્તુ વધુ ખરીદી કરે છે. જયારે વિવિધ કંપનીની અવનવી બેગ બજારમાં લટકતી જોવા મળી રહી છે. શહેરના બજારમાં રૂ. ૫૦ થી લઈ ૫૦૦ સુધીમાં લંચ બોકસ, રૂ. ૧૦૦ થી ૧૦૦૦ સુધીની વોટર બેગ તેમજ રૂ. ૫૦૦ થી ૧૫૦૦ ની વિવિધ કંપનીની વેરાઈટીની બેગ મળી રહે છે.

પરંતુ કારમી મોંઘવારી ગાંધીનગરાઓને પણ નડે છે. તેઓ પોતાના બાળકો માટે બજેટ અનુસાર ખરીદી કરતા હોય છે જેમાં ખાસ કરીને રૂ. ૨૦૦ થી ૩૦૦ સુધીમાં લંચ બોકસ, રૂ. ૩૦૦ થી ૫૦૦ વોટર બોટલ તેમજ રૂ. ૫૦૦ થી ૧૦૦૦ સુધીની ચીજવસ્તુનું વેચાણ વધુ જોવા મળે છે. જયારે નાના બાળકોમાં પણ રૂ. ૫૦૦ સુધીની રેંન્જમાં મોટું પતલું, એવેન્જર તેમજ ડોરેમોનની બેગની પણ સવિશેષ ખરીદી કરતા વાલીઓ નજરે પડે છે. જો કે ખાસ કરીને દરેક વસ્તુમાં ખાસ ભાવ વધારો જોવા મળ્યો નથી ગત્ વર્ષ જેટલો જ ભાવ આ વર્ષે પણ યથાવત રહેવા પામ્યો છે. અત્યારે હાલ શહેરના બજારોમાં ઘરાકી સામાન્ય જોવા મળી રહી છે. પરંતુ વેપારીઓનું માનવું છે કે બે દિવસમાં બજારોમાં ઘરાકી ખુલશે.

## પાલનપુરમાં પાલિકા તેમજ આરોગ્ય વિભાગની રેડ

એક તરફ ઉનાળાની સીઝન ચાલી રહી છે તો બીજી તરફ ફળોના રાજા ગણાતા કેરીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. જો કે આજકાલ બજારમાં મળતી કેરી ઝેરીલી બની છે. કાર્બાઈડથી પકવેલી કેરી શરીર માટે હાનીકારક છે તેમજ આવા કેમિકલથી પકવેલી કેરીથી કેન્સર જેવા રોગો પણ થયા છે. જો કે પાલિકાની તેમજ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આજે પાલનપુરમાં અચાનક રેડ કરાઈ હતી જેના પગલે ૫૦૦ કિલોથી વધુનો ઝેરીલી કેરીનો જથ્થો ઝડપાયો છે. જો કે સૌથી મહત્વની વાત એ છે કે ફૂડ એન્ડ ડ્રગ વિભાગની દેખતી આખે ચુપકીદી સામાન્ય માનવીના સમાજની બહારની વાત છે.

ટચૂકડી જાહેર ખબર
CNC પ્લાઝામાં મશીન ઓપરેટર જોઈએ છે.
મીનીમમ છ મહિનાનો અનુભવ જરૂરી છે.
સંપર્ક
મો. ૯૯૭૪૭૬૫૪૮૪

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
ટુંકી મુદતની જાહેર નિવિદા ક્રમાંક.૨ સને ૨૦૧૬-૨૦૧૭ (ત્રીજો પ્રયત્ન)
ઝેરોક્ષ તથા બુક બાઈન્ડીંગને લગતી કામગીરી કરી આપવા માટેના ભાવપત્રક
અધિક્ષક ઈજનેરશ્રી નર્મદા યોજના આલેખન વર્તુળ, બ્લોક નં. ૧૨/૪, નવા સચિવાલય, ગાંધીનગરની કચેરી હસ્તક એક વર્ષ માટે 'ઝેરોક્ષ તથા બુક બાઈન્ડીંગને લગતી કામગીરી' કરવાના ભાવો ટેન્ડરથી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૩૦૦/- પૂરા જમા કરાવેથી ઉપરોક્ત કામગીરી માટેના કોરા ટેન્ડર ફોર્મ ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૬/૬/૨૦૧૬ સમય ૧૮.૦૦ કલાક સુધી રાખેલ છે. અને ભરેલ ટેન્ડર ફોર્મ રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ દ્વારા છેલ્લી તા. ૧૪/૬/૨૦૧૬ સમય ૧૮.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
માહિતી/૫૧૦/૨૦૧૬-૧૭

info City Club & Resort
orabella EVENTS
આજે ગાંધીનગરમાં
ગ્રાન્ડ હાઉસી
૨૮મી મે, ૨૦૧૬ના
રોજ સાંજે ૬.૩૦ કલાકે
ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ,
ગાંધીનગર ખાતે
એન્ટ્રી સાંજે ૫.૩૦ થી શરૂ
Infocity Club & Resorts : +91 99099 06372
CIL, IT Tower 4 : +91 99799 22443 / 98796 19922
Drs.Food, Super Mall 2 : +91 99099 21022
Sams Pizza, Super Mall 2 : +91 99099 21022